*GJVD040005502026*

## –:: આંક–૧ નીચે હુકમ ::–

(૧) ફરીયાદી ધ્વારા આરોપી સામે હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ મુજબ દાખલ કરેલ. જે ફરીયાદ જોતાં આરોપી જિલ્લા બહાર રહેતા હોય, જેથી અરજી સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલિત થાય છે.

(૨) ફરિયાદીના વિ.વ.શ્રી.ની રજુઆત છે કે, ફરિયાદી સદર અરજીમાં જણાવેલ સરનામે રહે છે અને ડીજે સિસ્ટમ વગાડવાનુ કામ કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. ફરિયાદી તથા હાલના આરોપી વચ્ચે મિત્રતાનો સંબંધ હોય. આરોપીને ડીજે સિસ્ટમ તા.૨૯/૧૦/૨૦૨૩ ના રોજ રૂ.૬,૫૦,૦૦૦/– માં વેચાણ કરેલ.જે પેટે ૩,૫૦,૦૦૦/– છુટક–છુટક આપેલ. બાકીના ૩,૦૦,૦૦૦/– બાકી રહેલ, જે પેટે તા. ૧૦/૧૧/૨૦૨૫ નો બેંક ઓફ બરોડા ચિઠોડા શાખાનો ખાતા નં. ૬૯૧૬૦૧૦૦૦૨૨૭૦૩નો, ચેક નં.૦૦૦૦૪૫ લખી આપેલ અને જણાવેલ કે એક અઠવાડિયા પછી ચેક વસુલ માટે જમા કરાવશો તો ચેકની રકમ મળી જશે. તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ. ત્યારબાદ ફરિયાદીએ સદર ચેક બેંક ઓફ બરોડા શાખામાં તા. ૦૬/૧૨/૨૦૨૫ ના રોજ જમા કરાવતા કિલયરીંગમાં જતા સદરહુ ચેક તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ રીઝ''**FUND INSUFFICIENT**'' ના શેરા સાથે પરત ફરેલ. જે બાબતે આરોપીને જાણ કરતા, આરોપીએ ઉધ્ધત જવાબ આપેલ. જેથી આરોપીએ ફરિયાદી સાથે વિશ્વાસ અને અને ભરોસો આપેલ હોવા છતા ચેક સ્વિકારાયા પરત ફરતા ફરિયાદીએ તા. ૦૨/૦૧/૨૦૨૬ ના રોજ આરોપીને નોટિસ મોકલેલ જે બજી જવા છતા આરોપીએ લેવાની ના પાડતા કાયદેસરની કાર્યવાહી કરવાની જરૂર પડેલ છે.

(૩) ફરીયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. ફરીયાદ તથા વેરીફીકેશન, માર્ક ૩/૦૧ થી માર્ક ૩/ ૬ સુધી ના રજુ દસ્તાવેજી પુરાવા, સોગંદનામું વંચાણે લેતાં, આરોપી એ હાલનો ચેક આપેલો હોય, જે ચેક પરત ફરેલ હોય, જેથી આરોપી ને તેઓએ આપેલ ચેકની સંપુર્ણ માહીતી હોય, તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન (સીવીલ) નં.૧૮/૨૦૧૩ ઈન્ડીયન બેંક એસોસીએશન એન્ડ અધર્સ વિ. યુનિયન બેંક ઓફ ઈન્ડીયા એન્ડ અધર્સના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લઈ આરોપી સામે ધી નેગોશીયેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબનો

ગુનો બનતો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે. તેમજ તેઓ વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ મુજબના ગુનાના પ્રથમ દર્શનીય તત્વો જણાય આવતા હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) સદર ફરીયાદ ક્રિમિનલ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે તથા તે આધારે સદર ઈન્કવાયરી ફેસલ કરવામાં આવે છે.

(૨) આરોપી વિરુધ્ધ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૪ અન્વયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના સબબનો મુદત તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજનો સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૫મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ. ૦૫.૦૩.૨૦૨૬<br>સ્થળ: પાદરા<br><br>એમ.બી.પરમાર, પી.એ. | (ઝેડ.એન.મુન્શી)<br>એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,<br>પાદરા, જી. વડોદરા.<br>આઈ.ડી.નં.જીજે૦૧૦૩૪ |